# વહીવટી -વ- હિસાબી અધિકારીશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

**અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓના પગારબીલમાંથી આવક વેરાની ગણતરી કરી કપાત કરવા બાબત**

## -: પરિપત્ર (૦૩/૧૩) :-

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓના પગારબીલમાંથી કરપાત્ર આવકમાંથી આવક વેરો (ઇનકમ ટેક્ષ)ની નિયમો મુજબ ચકાસણી કરી કપાત કરવાની સંપૂર્ણ જવાબદારી તે કચેરીનાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓની છે.

આપની કચેરીનાં અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ચુકવવામાં આવેલ અથવા તો મળેલ માનદ વેતન ભથ્થા, રેડીયો વાર્તાલાપ, થીસીસ મુલ્યાંકન ફી, પરીક્ષા મહેનતાણા, પસંદગી સમિતી તેમજ અન્ય બેઠકમાં મળેલ સીટીંગ એલાઉન્સ તથા અન્ય આવકની નિતિ-નિયમોનુસાર ગણત્રીમાં લેવાના રહેશે. આ ઉપરાંત બીજા કોઇ ભથ્થા કે આવક મળેલ નથી તે અંગેનું જે તે અધિકારીશ્રી/કર્મચારીશ્રી પાસેથી મેળવી પગારબીલ સાથે રજુ કરવાનું રહેશે. વધુમાં જણાવવાનું કે અગાઉ <u>**UNDER SECTION 80CCF INFRASTRUCTURE BONDS**</u> ના રૂ.૨૦,૦૦૦/- સુધીના રોકાણ આવક વેરામાંથી બાદ મળતા હતા તે ચાલું નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ થી બંધ કરેલ છે જેની ખાસ નોંધ લેશો.

આવતાં નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં થનાર વાર્ષિક આવક ધ્યાને લઇ તેની ઉપર નિયમોનુસાર આવક વેરો ગણી બાર માસ માટે સરખા માસિક હપ્તા મુજબ નિયમિત પણે આવક વેરો પગારબીલમાંથી કપાત કરવાનો થાય છે અને તે અંગેનું જરૂરી ફોર્મ ભરાવી પગારબીલ સાથે રજુ કરવાનું રહેશે, જો ફોર્મ ભરેલ નહી હોય અને સરખા હપ્તામાં આવક વેરો કાપવામાં આવેલ નહી હોય તો પગારબીલ પરત કરવામાં આવશે અને તે અંગીની સંપૂર્ણજવાબદારી ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે. વધુમાં જણાવવાનું કે અત્રેની કચેરીને ધ્યાન પર આવેલ છે કે છેલ્લા ત્રણ માસમાં આવક વેરાની કપાત વધુ કરવામાં આવે છે, નિયમો મુજબ યોગ્ય નથી આથી સરખા ભાગે દર મહિને આવક વેરાની કપાત થાય તે અંગે ખાસ ધ્યાન આપવાનું રહેશે.

સહી/-

નં. આકૃયુ/વવહિઅ/પરિપત્ર/૩૭૬૭ /૨૦૧૩ — વહીવટી -વ- હિસાબી અધિકારી

તારીખ: ૧૯/૦૨/૨૦૧૩

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ

(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.

નકલ સવિય રવાન :

(૧) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ.

(૨) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ વેબ સાઇટ પર મુકવા સારૂ